કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય ગાંધીધામ

તા. ૧૨-૧૨-૨૦૧૧

# અબડાસા તાલુકામાં નિર્માણ પામશે દેશનો સૌથી મોટો પુનઃપ્રાપ્ય ઉર્જાપાર્ક







## ઈન્ડઆર્યા ગ્રીન વાઈબ્રન્ટનું કચ્છમાં આગમન : ભુજ ખાતે કચેરીના પ્રારંભ બાદ પત્રકાર પરિષદમાં વિસ્તૃત માહિતી અપાઈ

ભુજ : ઈન્ડઆર્યા ગ્રીન પાવર પ્રા.લિ. એ દુરંદેશી ધરાવતી અને વૈશ્વિક ગ્રીન એનર્જીની જરૂરિયાતને પૂર્ણ કરવાનું લક્ષ્ય ધરાવતી કંપની છે. એ એક બહુપરિણામીય અને બહુઉદ્દેશીય કંપની છે જે ગ્રીન એનર્જી માટેની માળખાકીય જરૂરિયાતોને પૂર્ણ કરે છે. પુનઃપ્રાપ્ય ઉર્જા પર એક વિશેષ ભાર મૂકતી આ કંપની ઉર્જા ઉત્પાદન ક્ષેત્રે કાર્બન રહિત પર્યાવરણની દિશામાં પ્રયત્નશીલ છે. આ કંપનીનો મુખ્ય ઉદેશ ગ્રીન વર્લ્ડને પ્રોત્સાહન આપવાનો છે.

આજે સવારે કંપનીના ભારતીય કામગીરીના મેનેજીંગ ડીરેક્ટર જગન્નનાથને ભુજ ખાતે ગુજરાત ખાતેની કચેરીનું ઉદઘાટન કર્યું હતું. તે બાદ પત્રકાર પરિષદમાં વિસ્તૃત વિગતો આપી હાલમાં વિશ્વમાં મોટા ભાગનો વીજ પુરવઠો કોલસા, ઓઈલ અને કુદરતી ગેસ જેવા પરંપરાગત જીવાશ્મ ઈંધણ દ્વારા પેદા કરવામાં આવે છે. ઉર્જાના આ પરંપરાગત સ્રોતના વપરાશમાં ભાવ વધારો, મર્યાદિત દેશો તરફથી કરાતી આયાત પર નિર્ભરતાને કારણે પરાવલંબિતા તથા વાતાવરણમાં છોડવામાં આવતા કાર્બન ડાયોક્સાઈડને કારણે ઓઝોનના સ્તરને થતા નુકસાનને કારણે પર્યાવરણ પર થતી માઠી અસર વગેરે જેવા અનેક પડકારો રહેલા છે જે વિશ્વભરની આબોહવામાં થઈ રહેલા પરીવર્તન તથા માનવજાતને નડી રહેલી વિવિધ સમસ્યાઓ માટે પણ જવાબદાર છે.

સૌર ઉર્જાએ ઉર્જાનો તાત્કાલિક ઉપલબ્ધ સ્રોત છે તેની પર કોઈની માલિકી નહીં હોવાથી તે નિઃશુલ્ક ઉપલબ્ધ છે. બિન પરંપરાગત ઉર્જાનો તે સૌથી મહત્ત્વનો સ્રોત છે કારણ કે તે પ્રદુષણ રહિત છે અને તે ગ્રીન હાઉસ અસરોને ઘટાડવામાં મદદરૂપ બને છે હાલમાં ભારત પ્રતિ વર્ષ ૫૦૦૦ ટ્રીલીયન કેટબલ્યુએચ જેટલા સૂર્યકિરણો મેળવે છે. જે દેશના કુલ ઉર્જા વપરાશ કરતા અનેકગણો વધારે છે તેવું તેમણે વિસ્તારપૂર્વક વાતચીત કરતા જણાવ્યું હતું

આમારો પ્રસ્તાવિત પ્રોજેક્ટ (સંકલિત પુનઃપ્રાપ્ત ઉર્જા પાર્ક) શ્રી જગન્નાથે સંકલિત પુનઃપ્રાપ્ત ઉર્જા પાર્ક એ આધુનિક ટેકનોલોજી ધરાવતો એશિયાનો આ પ્રકારનો સ ાૈપ્રથમ અને ભારતનો સૌથી મોટો પાર્ક છે. આ પાર્કમાં સૌર ઉર્જા, પવન ઉર્જા, એનર્જી પ્લાન્ટેશન અને બાયોમાસ એનર્જી ઉત્પાદન જેવી બાબતોનું સંકલન હશે. અમારો આ અત્યાધુનિક પાર્ક આ તમામ માટે સાધનો અને પૂર્જાના ઉત્પાદન માટેની સુવિધા પણ ઉપલબ્ધ બનાવશે. આ સંકલિત પાર્ક ૨૦૦૦ એકર જમીનમાં સ્થાપવામાં આવશે અને તે પ્રથમ તબક્કામાં ૩૦૦ મે.વો. સૌર ઉર્જા અને ૨૫ મે.વો. પવન ઉર્જાનું ઉત્પાદન કરશે. આમ તે દેશમાં એક જ સ્થળેથી પુનઃપ્રાપ્ત ઉર્જાના ઉત્પાદનનું સૌથી મોટું સ્થળ બનશે અમે અમારા પ્રોજેક્ટ માટે કચ્છ જિલ્લાના અબડાસા ગામમા સ્થળ નક્કી કર્યું છે.

ગુજરાતમાં જે સંસ્થા સ્થાપી રહ્યા છે તેના દ્વારા રોજગારીની વિપુલ તકોનું સર્જન થશે કારણ કે, અમે ગુજરાતના અબડાસા તાલુકામાંથી જ સમગ્ર એશિયા-પેસિફિકની કામગીરીનું સંચાલન કરીશું. અમે રિમોટ એકસેસ સિસ્ટમ્સ દ્વારા અમારી એશિયા-પેસિફિક ક્ષેત્રની કામગીરીના સંચાલન માટે બિનઅનુભવી તથા અનુભવી એન્જિનિયરોની ભરતી કરી મજબુત ટેકનિકલ ટીમની રચના કરીશું. અમે આજે બપોરે ૨ કલાકથી ૬ કલાક દરમિયાન ભુજની એન્જિયરીગ ખાતે તમામ એન્જિયરીંગ કોલેજો અને પોલિટેકનિકલ માટે જોબ ફેરનું આયોજન કર્યું છે. અમે અમારો ૯૦ ટકા સ્ટાફ ગુજરાતમાંથી ભરતી કરવા પ્રત્યે પ્રતિબદ્ધ છીએ. આ ટાંકણે શ્રી શેખર, મનીશ ભાનુશાલી, ભાવેશ સૈયા, મનજી ભાનુશાલી, અરજણ ભાનુશાલી ઉપસ્થિત રહ્યા હતા.